નવી સેવા ૨૦૧૫-૧૬
નાયબ પોલીસ મહાનિરિક્ષકશ્રી, હથિયારી એકમો વડોદરાની કચેરી માટે નવી જગ્યાઓ મંજૂર કરવા બાબત. (આયોજન)

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ ,
ઠરાવ ક્રમાંકઃ મહક/ ૧૦૨૦૧૪/૪૩૫૨/સ.
સચિવાલય , ગાંધીનગર
તા. 18 MAY 2015

**વંચાણે લીધાઃ**

(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીનો તારીખ ૨૦/૧૧/૨૦૧૪નો પત્રક્રમાંક-ઇ-૨/૧૫૩૬/નવીસેવા/ ૨૦૧૫/૧૬/૨૪૬૨/૧૪ તથા તા.૧/૪/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ- ઇ/૧૫૩૬/નવીસેવા/ ૨૦૧૫-૧૬/૯૦૫/૨૦૧૫

(૨) વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૧૨ પાના નં ૧૫૧

**ઠરાવઃ-**

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ વંચાણે લીધેલ ક્રમાંક-૧ માં દર્શાવેલ તા. ૨૦/૧૧/૨૦૧૪ તથા તા.૧/૪/૨૦૧૫ના પત્રોથી નાયબ પોલીસ મહાનિરિક્ષક, હથિયારી એકમો વડોદરાની કચેરી માટે નવી જગ્યાઓ મંજૂર કરવા દરખાસ્ત કરેલ.

પુખ્ત વિચારણાને અંતે નવુ મહેકમ મંજુર કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં આયોજન હેઠળ નવી સેવા તરીકે તેનો સમાવેશ કરી રૂ.૧૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા દશ લાખ પુરા)ની જોગવાઇ કરી. નાયબ પોલીસ મહાનિરિક્ષક, હથિયારી એકમો વડોદરાની કચેરી માટે નીચે મુજબની નવી જગ્યાઓ ઉભી કરી તા.૨૯/૨/૧૬ સુધી આ જગ્યાઓ ચાલુ રાખવાની અને ભરવાની, નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| અ.ન. | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ | ગ્રેડ પે |
|---|---|---|---|---|
| ૧ | હેડ ક્લાર્ક | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૨ | સીનીયર ક્લાર્ક | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |

શરતો

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૮. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

૯. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦03/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

૧૦. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૧. આ જગ્યાઓ ઉપરની ભરતી, સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૨. કોમપ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૩. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત થયેલ કાર્યભારણ મુજબ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૪. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં **આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે**

૧૫. આ અંગેનું ખર્ચ વર્ષ- ૨૦૧૫-૧૬ના બજેટમાં કરવામાં આવેલ જોગવાઇઓ હેઠળ નીચેના સદરે કરવાનો રહેશે.

**મુખ્ય સદર ૨૦૫૫ પોલીસ - ગૌણ સદરઃ ૦૦૧- જીલ્લા પોલીસ, પેટા મુખ્ય સદરઃ MEP-6 - જીલ્લા પોલીસ ખુદ , હેઠળ ઉધારવાનો રહેશે..**

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી ( નાણા) ની તા.૧૩/૫/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ.બી.ગોસાઇ

**( એ.બી.ગોસાઇ )**

સેક્શન અધિકારી

ગૃહ વિભાગ

**પ્રતિ**

- મહા મહિમ રાજયપાલશ્રીના અગસચિવશ્રી રાજભવન ,ગાંધીનગર( પત્ર ધ્વારા)
- માન મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય,ગાંધીનગર
- માન રાજય કક્ષાના.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથીયારી એકમો)ગુજરાત રાજય,ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી ( વહીવટ) ગુજરાત રાજય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કાયદો અને વ્યવસ્થા)ગુજરાત રાજય,ગાંધીનગર
- નાયબ પોલીસ મહાનિરિક્ષકશ્રી, હથિયારી એકમો, વડોદરા.
- અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ક,ગ) સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય , ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી ગુજરાત રાજય રાજકોટ/ અમદાવાદ
- પેન્શન અને પ્રોવિડંડ ફંડ નિયામકશ્રી ગાંધીનગર
- સર્વે સેનાપતિ, રાજ્યબ અનામત પોલીસ દળ
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી વડોદરા
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- નાણા વિભાગ,/ ઝ-૧ શાખા, સચિવાલય , ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી , બજેટ શાખા/ અ શાખા/ ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર,
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ